# વિપશ્યના

સાધકોનું માસિક પ્રેરણાપત્ર

બુદ્ધવર્ષ ૨૫૫૧ ❖ જયેષ્ઠ પૂર્ણિમા ❖ ૨ જૂન, ૨૦૦૭ ❖ વર્ષ - ૮ ❖ અંક - ૩ ❖ સળંગ અંક - ૮૭


## ધમ્મવાણી

मा जातिं पुच्छ, चरणं च पुच्छ, कट्ठा हवे जायति जातवेदो ।
नीचा कुलीनो'पि मुनि धितिमा, आजानीयो होति हिरीनिसेधो ॥
(सुंदरिक भारद्वाज सुत्तं-८)

જાતિ ન પૂછો, આચરણ પૂછો (જેને કોઇ નથી પૂજતું એ) લાકડામાંથી અગ્નિ જન્મ લે છે, (જે અગ્નિને- કેટલાયે પૂજે છે) (આ રીતે) નીચા (મનાતા) કુળમાં જન્મ લઈને પણ કોઈ વ્યકિત ઉત્તમ ધીમાન મુનિ થાય છે જે શરમજનક કામોથી દૂર રહે છે.

## બુદ્ધ અને ધર્મ (૭)

ભગવાન ગૌતમ બુદ્ધના જીવનકાળની એક ઘટના.

ત્યારે ભગવાન રાજગૃહના વેણુવનમાં વિહાર કરી રહ્યા હતા. સભિય નામનો એક પરિવ્રાજક પોતાની શંકાઓનું સમાધાન કરવાને માટે અનેક આચાર્યોની પાસે ગયો પણ અસંતુષ્ટ જ રહ્યો. અંતે, ભગવાન ગૌતમ બુદ્ધને મળીને એમની સમક્ષ પોતાના પ્રશ્નો રાખ્યા. એ પ્રશ્નોમાંનો એક પ્રશ્ન હતો -

बुद्धो कथं पवुच्चति ? એટલે કે બુદ્ધ કોને કહે છે? ભગવાને ઉત્તર દીધો-

कप्पानि विच्चेय्य केवलानि, તૃષ્ણાના સંપૂર્ણ ક્ષેત્રનું વિશ્લેષણ કરીને, संसारं दुभयं चुतुपपातं, જેણે સંસારચક્ર (પ્રપંચ)ની ઉત્પત્તિ અને વિનાશ બંનેને જાણી લીધા છે, विगतरज मनङ्गणं विसुद्धं, જે ચિત્તમેલથી વિમુક્ત થઇ ગયો છે, જે વિશુદ્ધ, વિમલ છે, पत्तं जातिक्खयं, જેણે જન્મ ક્ષયની અવસ્થા પ્રાપ્ત કરી લીધી છે, तमाहु बुद्धन्ति, તેને બુદ્ધ કહે છે.

પરિવ્રાજક સભિયને આ વ્યાખ્યા બહુ ગમી. આવી વ્યકિત કોઇ પણ કેમ ન હોય, બુદ્ધ જ કહેવાશે. બુદ્ધની કેવી ગુણવાચક સર્વજનીન ધર્મમયી વ્યાખ્યા!

પરિવ્રાજક સભિયે આ જ પ્રકારે ભિક્ષુ, બ્રાહ્મણ, શ્રમણ, પરિવ્રાજક, શ્રોત્રિય, આર્ય, પંડિત, વેદજ્ઞ આદિ શબ્દોની પણ સાચી વ્યાખ્યા જાણવા માગી. ભગવાને એ (બધાં)ની પણ ગુણવાચક સર્વજનીન ધર્મમયી વ્યાખ્યાઓ કહી, જો કે આમ તો આ બધા શબ્દો લોકીય ક્ષેત્રમાં અધિકાંશતઃ સંપ્રદાયવાચક જ થઇ ગયા હતા. ભગવાન સમ્યક્ સંબુદ્ધે આ શ્રેષ્ઠ ગુણવાચક શબ્દોને સંપ્રદાયવાદી કાદવમાંથી બહાર કાઢ્યા અને એની સાંપ્રદાયિકતાવિહીન શુદ્ધ ધાર્મિક વ્યાખ્યા કરી.

સાંપ્રદાયિક વ્યાખ્યા હોત તો, ભિન્ન ભિન્ન વેશભૂષા જાતિ, વર્ણ, ગોત્ર, કર્મકાંડ અને બુદ્ધિ કે કલ્પનાજન્ય દાર્શનિક મતમતાંતરો પર આધારિત હોત. જયારે શુદ્ધ ધર્મમયી વ્યાખ્યા કેવળ સદ્‌ગુણો પર આધારિત છે.

સભિય આ વ્યાખ્યાઓથી અત્યંત પ્રભાવિત થયો અને ભગવાનના શાસનમાં એટલે કે એમના ઉપદેશમાં પ્રવ્રજિત થયો.

*-*-*-*-*-*-*-*-*-*-*-*-*-*-*-*-*-*-*-*-*-*-*-*-*

જે પણ બુદ્ધ હશે, તે ધર્મવાદી જ હશે, સંપ્રદાયવાદી નહીં. એમની પ્રસિદ્ધિ એ શબ્દોમાં નહીં હોય કે તે -

संघी चेव गणी च गणाचरियो च ञातो यसस्सी तित्थकरो બલ્કે આ શબ્દોમાં હશે :-

- इतिपि सो भगवा :– એ સમસ્ત રાગ, દ્વેષ અને મોહને ભગ્ન કરીને મુક્તિના ઐશ્વર્યનું જીવન જીવે છે, એ અર્થમાં ભગવાન છે.
- अरहं : તે અહંકાર, મમંકાર જેવા બધા ચિત્તમેલરૂપી દુશ્મનોનું હનન કરી ચૂકયા હોય છે, એ અર્થમાં અર્હંત છે.
- सम्मा सम्बुद्धो : સારી રીતે સ્વયં પોતાના પ્રયત્નો દ્વારા એટલે કે સ્વયંભૂ બુદ્ધ છે એ અર્થમાં સમ્યક્ સંબુદ્ધ છે.
- विज्जाचरणसम्पन्नो : એ કેવળ બુદ્ધિના સ્તર પર જ નહીં બલ્કે, આચરણના સ્તર પર પણ જ્ઞાનની સંપન્નતા પ્રાપ્ત કરી ચૂકયા છે, એ અર્થમાં વિદ્યાચરણ સંપન્ન છે.
- सुगतो : એમની કાયિક, વાચિક, માનસિક બધી ગતિઓ શુદ્ધ છે, કુશળ છે, એ અર્થમાં સુગત છે.
- लोकविदु : એ અનુભૂતિના સ્તર પર બધા લોકોની યથાવત જાણકારી કરી ચૂકયા છે, એ અર્થમાં લોકવિદુ છે.
- अनुत्तरो पुरिसदम्मसारथी : જેમ બગડેલા ઘોડાને સારથિ સુધારી લે છે, એ જ રીતે બગડેલા લોકોને સુધારી લેવામાં અનુપમ કુશળ સારથિ છે.
- सत्था देवमनुस्सानं : જે દેવતાઓ અને મનુષ્યોના રાજા અને પ્રજાના શાસ્તા (ગુરૂ) છે, માર્ગદર્શક છે.
- बुद्धो भगवाति : આવા છે બુદ્ધ ભગવાન.

આવા ગુણ જે કોઇ વ્યકિતમાં હોય, તે બુદ્ધ જ છે. કોઇ બુદ્ધ હોય તો એનામાં આવા ગુણ હશે જ. બુદ્ધ કોઇ પણ બની શકે છે જેની બોધિ જાગી અને પૂર્ણતઃ પરિપુષ્ટ થઇ તે જ બુદ્ધ થયો. જો કે આ અવસ્થા સુધી પહોંચવાને માટે પ્રભૂત (પુષ્કળ) પરાક્રમ, પુરુષાર્થ કરવાનો હોય છે, પણ એવો પુરુષાર્થ કરીને કોઇ પણ (વ્યકિત) સફળ થઇ શકે છે. કોઇ પ્રાદેશિક કે સાંપ્રદાયિક પ્રતિબંધ નથી હોતો.

બુદ્ધ કોઇ વ્યકિતવાચક, જાતિવાચક કે સંપ્રદાયવાચક શબ્દ નથી. બુદ્ધને માટે બીજાં પણ અનેક ગુણવાચક વિશેષણ, સંબોધન, શબ્દનો ઉપયોગ થાય છે. જેમ કે ભગવાન, જિન, મહાવીર, સર્વજ્ઞ, તથાગત, દશબલ, ક્ષીણાસ્રવ, મહાકારુણિક, વીતરાગ, વીતદ્વેષ, વીતમોહ, વીતતૃષ્ણા, ધર્મરાજા, સત્યદર્શી, નિર્વાણદર્શી, સચ્ચનામ, ધર્મકાય, ધર્મભૂત, બ્રહ્મકાય, બ્રહ્મભૂત ઈત્યાદિ ઈત્યાદિ. આવા બધા શબ્દ ગુણ, ધર્મ, સ્વભાવવાચક જ છે. એટલે સર્વજનીન છે. કોઇ પણ શબ્દ, કોઇ પણ સંપ્રદાય સાથે નથી બંધાતો.

આવો બુદ્ધ જયારે કંઇક શીખવે છે તો ધર્મ જ શીખવે છે. શુદ્ધ સર્વજનીન ધર્મ સંપ્રદાયવાદથી, જાતિવાદથી, કલ્પનાજન્ય દાર્શનિકવાદથી સર્વથા વિમુક્ત. બધા બુદ્ધ આ જ ઉપદેશ આપશે :-

इति सीलं इति समाधि इति पञ्ञा ।

આ શીલ છે, આ સમાધિ છે, આ પ્રજ્ઞા છે.

सील परिभावतो समाधिमहफ्फलो होति महानिसंसो ।

શીલ પરિભાવિત કરી લેવાથી એટલે કે પૂરી રીતે અભ્યાસમાં ઉતારી

**પ્ર. ૫ બોધિ માટે તૃષ્ણા - આસક્તિ હોવી ઉચિત છે ?**

**ઉત્તર :** એ ખોટું છે. જો તમે બોધિ માટે આસક્તિ જગાવશો, તો તમને બોધિ કદી પણ પ્રાપ્ત નહીં થાય. બોધિ સહજ રીતે આવે છે. જો તેના માટે તમે રાગ પેદા કરવા લાગશો, તો તમે તેનાથી ઊલટી દિશામાં દોડવા લાગ્યા. અમુક પરિણામ લાવવા માટે માણસે રાગ પેદા કરવાનો નથી હોતો. પરિણામ તો સહજપણે આવે છે. જો તમે રાગ પેદા કરવા લાગશો કે 'મને નિર્વાણ જોઈએ, મને નિર્વાણ જોઈએ, તો તમે નિર્વાણની ઊલટી દિશામાં દોડવા લાગ્યા. નિર્વાણ તો વીતરાગતાની અવસ્થા છે અને તમે રાગથી - તૃષ્ણાથી એ અવસ્થાએ પહોંચવા માંગો છો ! શક્ય જ નથી.

**પ્ર. ૬ શું તીવ્ર ઈચ્છા અને આસક્તિ એક જ છે ?**

**ઉત્તર :** એમાં ફરક છે. તમને આસક્તિ છે કે નહિ, તે એના પરથી નક્કી થાય કે જ્યારે તમે કંઈક ઈચ્છો છો, અને તમને એ પ્રાપ્ત થતું નથી, ત્યારે જો તમે નિરાશ-દુ:ખી થઈ ગયા તો સમજવું કે એ આસક્તિ છે. પણ, તમને એ પ્રાપ્ત ન થયું ત્યારે પણ જો તમે હસી શકો છો, તો સમજવું કે એ માત્ર ઈચ્છા જ છે અને એ આસક્તિમાં ફેરવાઈ ગઈ નથી. જ્યાં પણ રાગ કે આસક્તિ હશે ત્યાં પ્રાપ્તિ ન થતાં નક્કી તમે દુ:ખી થઈ જવાના. આમ જો તમે દુ:ખી બનો છો, તો તૃષ્ણા છે, નહીંતર નથી.

**પ્ર. ૭ શું કુશળ રાગ કે કુશળ દ્વેષ ન હોઈ શકે ? દા. ત. અન્યાયને ધિક્કારવું, મુક્તિની ઝંખના સેવવી, શારીરિક હાનિ પ્રત્યે ભય હોવો વગેરે.**

**ઉત્તર :** રાગ કે દ્વેષ ક્યારેય કુશળ ન હોઈ શકે. એ તમને હંમેશ દુ:ખી બનાવશે. જો તમે રાગ કે દ્વેષ ભર્યા મનથી કંઈક કામ કરો છો, તો તમારો હેતુ સારો હશે પણ સાધન ખરાબ. તમારે ભય સામે તમારૂં રક્ષણ અવશ્ય કરવું જોઈએ, પરંતુ તે કામ તમે જો ભયભીત થઈને કરશો તો તમારામાં ભયની ગ્રંથિ બંધાઈ જશે, જે લાંબે ગાળે તમને જ નુકશાનકારક પુરવાર થશે. તેવી રીતે મનમાં દ્વેષ ભરીને અન્યાય સામે લડવામાં કદાચ તમે સફળ પણ થાઓ, પણ એ દ્વેષ નુકશાનકારક માનસિક ગ્રંથિ બની જશે. અન્યાય સામે તમારે જરૂર લડવું જોઈએ, ભય સામે તમારે જરૂર તમારૂં રક્ષણ કરવું જોઈએ, પણ તમે એ કામ મનને સમતોલ રાખીને કરી શકો છો - કશા પણ તણાવ વગર. અન્ય તરફના પ્રેમ ખાતર, કંઈક સારો ધ્યેય સાધવા તમે સમતોલ મનથી કામ કરી શકો છો. મનનું સમતોલપણું હંમેશ કામ આવે છે. ઉત્તમ પરિણામ આપશે.

**પ્ર. ૮ જીવનને વધુ સુખ-સગવડ ભર્યું બનાવવા ભૌતિક વસ્તુઓની ઈચ્છા કરવામાં ખોટું શું છે ?**

**ઉત્તર :** જો એ ખરેખર આવશ્યક હોય તો તેમાં કશું ખોટું નથી; શરત કે તમે તેના પ્રત્યે આસક્ત બની જતા નથી. જે પણ વસ્તુઓની તમને આવશ્યકતા છે, તેમને મેળવવાના કામમાં લાગી જાઓ, પણ (તેમ કરતાં) કંઈક મેળવવામાં તમે નિષ્ફળ જાઓ ત્યારે પણ હસીને તેનો સ્વીકાર કરો અને પછી જુદી રીતે ફરી પ્રયત્ન કરવા લાગો. જો સફળ થાઓ, તો જે મેળવ્યું તેનો આનંદ માણો, પણ આસક્તિ રાખ્યા વગર.

**પ્ર. ૯ ભવિષ્ય માટેની યોજના ઘડવી કે કેમ ? તેને પણ શું આપ આસક્તિ કહેશો ?**

**ઉત્તર :** ફરી એ જ માપદંડ કે તમે તમારી યોજના પ્રત્યે આસક્ત બની ગયા છો કે કેમ ? દરેકે ભવિષ્ય માટે પ્રબંધ કરવો જોઈએ - તજવીજ કરવી જોઈએ. પણ, જો તમારી યોજના સફળ થતી નથી અને તેથી તમે રડવા બેસો છો તો સમજવું કે તમે તેના પ્રત્યે આસક્ત બની ગયા છો. પણ તમે નિષ્ફળ જાઓ છો તો પણ તમે હસી શકો છો, એમ વિચારીને કે મેં તો મારાથી શક્ય તેટલા સારા પ્રયત્નો કર્યા, છતાં નિષ્ફળ ગયો તો શું થયું ? હું ફરીથી પ્રયત્ન કરીશ ! તો (સમજવું) તમે અનાસક્તિથી કામ કરો છો. પરિણામે તમે સુખી રહો છો.

**પ્ર. ૧૦ રસ્તે રઝળતા, ખાલી પેટવાળા - ભૂખ્યા માનવીને ધર્મ સાથે**


## દોહા ધરમના

ધરમ ચિત્ત કી ચેતના, ધરમ ચિત્ત કા ભાવ ।
ધરમ નિયતિ કા નિયમ હૈ, ધરમ નિસર્ગ સ્વભાવ ॥

સકલ વિશ્વ પર ધરમ કી, અટલ હુકૂમત હોય ।
કુદરત કા કાનૂન હૈ, સબ પર લાગૂ હોય ॥

હો સજીવ, નિર્જીવ હો, સબ કુદરત આધીન ।
ઈસ કુદરત કો સમજ કર, કરે દુખોં કો ક્ષીણ ॥

**એક્સેલ ક્રોપકેર લિમિટેડ**
૬/૨ - રૂપાપરી રોડ, ભાવનગર - ૩૬૪ ૦૦૫
ફોન : ૨૨૧૨૪૦૧-૨-૩ની મંગળકામનાઓ સાથે

## દોહા ધરમના

મૈલે મન વ્યાકુલ રહે, નિર્મલ સુખિયા હોય ।
સમ્પ્રદાય કો બદલ કર, ઋત સે બચા ન કોય ॥

સમ્પ્રદાય તો વ્યર્થ હૈ, ધર્મ સાર્થક હોય ।
પ્રબલ પ્રમુખતા ધરમ કી, પગ પગ પ્રકટિત હોય ॥

સમ્પ્રદાય કી જકડ મેં, માનવ વ્યાકુલ હોય ।
શુદ્ધ ધરમ જિસકો મિલે, હરખિત પુલકિત હોય ॥

**ટ્રાંસમેટલ લિમિટેડ**
૩૦૧-બી ટાવર, અલ્કાપુરી આર્કેડ, આર.સી.દત્ત રોડ,
વડોદરા-૩૯૦૦૦૭. ફોન : ૨૩૪૩૩૦૨/૦૪ની મંગળકામનાઓ સાથે



સૌરાષ્ટ્ર વિપશ્યના રિસર્ચ સેન્ટર (પત્રિકા વિભાગ) ૩-એ, પ્રમુખ સ્વામી આર્કેડ, પહેલા માળે, માલવિયા ચોક, રાજકોટ - ૩૬૦ ૦૦૧. વતી પ્રકાશક તથા મુદ્રક : **ચંદુભાઈ મહેતા**, મુદ્રણ સ્થાન: નાઈસ આર્ટ, 'મુક્તિરામ કોમ્પલેક્ષ'', રાષ્ટ્રીય શાળા મેઈન રોડ, રાજકોટ - ૩૬૦ ૦૦૨. દ્વારા રાજકોટ ખાતે પ્રકાશિત. તંત્રી : **ભરત કાપડીઆ**. વિપશ્યના (ગુજરાતી) પત્રિકાનું લવાજમ : ૩-એ, પ્રમુખ સ્વામી આર્કેડ, પહેલા માળે, માલવિયા ચોક, રાજકોટ - ૩૬૦ ૦૦૧ ના સરનામે, **સૌરાષ્ટ્ર વિપશ્યના રિસર્ચ સેન્ટર**ના નામે મ.ઓ./ડ્રાફ્ટ અથવા રોકડેથી મોકલી શકાશે. (બહારગામના ચેક લેવામાં આવશે નહીં.)રાજકોટ સિટી ઓફિસ : ભાભા ડાઈનિંગ હોલ, પંચનાથ પ્લોટ, રાજકોટ - ૧.

વિપશ્યના ૨ જૂન, ૨૦૦૭ આ પત્રિકામાંની સામગ્રી વિપશ્યના વિશોધન વિન્યાસ, ઈગતપુરીના સૌજન્યથી તથા વિપશ્યના હિન્દી/અંગ્રેજી પત્રિકાઓના અંકોમાંથી પ્રકાશિત કરાય છે.

| | |
|---|---|
| **ચાર વર્ષનું લવાજમ** | **: રૂ. ૧૦૦/-** |
| **વાર્ષિક લવાજમ** | **: રૂ. ૩૦/-** |

'વિપશ્યના' Reg-No. GUJGUJ 08700/6/1/99-TC
Postal Reg. No. G-RJ-450
(Renewed upto 31.12.2008)

Posting day-25th of every month,
Posted at Rajkot - 360 001.
**Write PIN CODE for Correct Delivery**



If undelivered please return to :

**સૌરાષ્ટ્ર વિપશ્યના રિસર્ચ સેન્ટર (પત્રિકા વિભાગ)**
3-A, પ્રમુખ સ્વામી આર્કેડ, પહેલા માળે,
માલવિયા ચોક, રાજકોટ. ફોન : ૨૨૩૩૧૯૦
સિટી ઓફિસ : ફોન - (૦૨૮૧) ૨૨૨૦૮૬૧-૮૬૬
મોબાઈલ : ૯૪૨૭૨ ૨૧૫૯૧
email : info@kota.dhamma.org
Web site : www.kota.dhamma.org